ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

ખરાબ સમય
સૌથી મોટો જાદુગર છે
એક જ ઝાટકે
બધા ચાહવાવાળાના ચહેરા
બેનકાબ કરી દે છે

**જન્મદિને વધામણી**



પર્વ ધવલ પટેલ

### એલડીઆરપી આઈટીઆર કૉલેજમાં

# સ્પૉર્ટ્સ ઈવેન્ટનો ઈનામ વિતરણ સમારોહ





એલડીઆરપી આઈટીઆર કૉલેજમાં આંતર વિભાગીય સ્પોર્ટ્સ ઈવેન્ટ 'ટ્રીન ફેડર - ૨૦૧૭ : ફાઈટર કભી હાર નહીં માનતા'નો ભવ્ય ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. સ્પોર્ટ્સમેન ઓફ ધી યર તરીકે સાહિલ શર્મા અને સ્પોર્ટ્સ વુમન ઓફ ધી યર તરીકે જાનકી પટેલનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત દરેક રમતમાં ઓવરઓલ ચૅમ્પિયનશીપની ટ્રૉફી ઈલેક્ટેરિકલ એન્જિનીયરિંગ વિભાગના ખેલાડીઓએ જીતી હતી. દરેક વિજેતા ખેલાડીનું ટ્રોફી અને મેડલ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. દરેક ખેલાડીને કૉલેજનાં આચાર્ય ડૉ. ગાર્ગી રાજપરા અને ફિઝીકલ એજ્યુકેશન ડિરેક્ટર નોરીન વૈપન્નાએ કૉલેજ પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

# શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટમાં સ્માર્ટ ટાઉન પ્લાનીંગ સ્પર્ધા







શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ભાટ ખાતે રવિવારે ટૅકનીકલ ફેસ્ટીવલ 'ઍક્ઝોરા-૧૭' પૈકી સિવિલ ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓ દ્વારા ટાઉન પ્લાનીંગની સ્પર્ધા યોજવામાં આવી હતી. રોડ, રેશિડેન્શીયલ એરિયા, મૉલ, હૉસ્પિટલ, સ્કૂલ અને કૉલેજ, ગાર્ડન, વૉટર અને ડ્રેનેજ પ્લાન્ટ, સરકારી ઑફિસ, પોલીસ સ્ટેશન, બસ અને ટ્રેન સ્ટેશન તથા ઈન્ડસ્ટ્રીયલ એરિયા જેવા પ્લાનિંગ માટેના લે આઉટ જાહેર કરવામાં આવ્યા હતા. આ માટે વિદ્યાર્થીઓ દ્વારા ડિઝાઈન અને ૩-ડી મૉડેલ પણ તૈયાર કરવામાં આવ્યાં હતાં. ઈલેક્ટ્રીક ઈજનેરીના વિદ્યાર્થીઓ માટે ટાઉન પ્લાનીંગમાં ઈલેક્ટ્રીસિટી, સોલાર પાવર અને ઈલેક્ટ્રીક ડિસ્ટ્રીબ્યુશન, સપ્લાય પેનલ ડિઝાઈનનો સેમિનાર અને હેન્ડ્સ ઓન વર્કશૉપ યોજવામાં આવ્યો હતો. ઈસીના વિદ્યાર્થીઓને એમ્બેડેડ સિસ્ટમથી ઓટોમેટિક કંટ્રોલ દ્વારા સિટી કઈ રીતે સ્માર્ટ કરવામાં આવે તે અંતર્ગત નવીનતમ ટૅકનોલૉજીથી માહિતગાર કરવામાં આવ્યા હતા. મિકેનીકલ ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓએ વેસ્ટ મટિરિયલ્સમાંથી મિકેનીકલ મશીનના વર્કિંગ મૉડેલ બનાવ્યાં હતાં અને કૉમ્પ્યુટર ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓએ જીટીયુ ખાતે લેટેસ્ટ એવી ટૅકનોલૉજી આર-લેંગ્વેજ પર ટીસીએસ દ્વારા લાઈવ હેન્ડ્સ ઓન વર્કશોપનો લાભ લીધો હતો. આ ઉપરાંત કૉલેજ દ્વારા ટેકનીકલ સ્કિલ અને આઈડિયા દ્વારા ભારતમાં સ્માર્ટ સિટી અને ટાઉન પ્લાનિંગમાં ઍન્જિનીયરનું મહત્ત્વ સમજાવવાના પ્રોગ્રામનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# ભાઈ હોય તો આવો, બેનને સાપથી બચાવી

## ઋષિએ સમયસર કવિશા પાસે પહોંચી જઈ તેના હાથમાંથી સાપને છોડાવી કવિશાને દૂર ખેંચી લીધી

ગાંધીનગર, તા. ૨૬

નવ વિકસીત ગાંધીનગર શહેરના વિસ્તાર સરગાસણના ફ્લેટ્સમાં રહેતા રહેવાસીઓનાં બાળકોના આનંદપ્રમોદમ માટે બનાવવામાં આવેલા બગીચામાં સાંજના સમયે તીર્થ રેસીડેન્સીમાં રહેતા ચિરાગભાઈ જોષીની બે વર્ષની દીકરી કવિશાને લઈ તેના દાદા ભીખાભાઈ રમાડતા હતા. તે દરમિયાન નજીકના શીવા બ્લેસિંગ ફ્લેટમાં રહેતો કવિશાના ફોઈને દીકરો ઋષિ ત્યાં આવ્યો. બંને ભાઈ-બહેન બગીચામાં પકડ દાવની રમત રમતાં હતાં. દાદાને તેમના કોઈ સમવયસ્ક મળતાં તે વાતે વળગ્યા હતા.

પણ અચાનક ભીખાદાદાનું ધ્યાન કવિશા તરફ ગયું. તેમને દૂરથી એમ લાગ્યું કે કવિશા ગાર્ડન પાઈપ કે પછી દોરડા જેવું કંઈક ઊંચું કરવાની મથામણ કરે છે. એટલે તેમણે કવિશાથી થોડે દૂર રહેલા ઋષિને પૂછ્યું બેટા, જો તો કવિશા શું કરે છે ? તેણે હાથમાં શું ઝાલ્યું છે ?

આ સાંભળી ઋષિએ કવિશા તરફ જોયું ને જોરથી બૂમ પાડી, દાદા... દાદા... આ તો સાપ છે. ભીખાદાદા તેમનાથી દૂર હતા, તેમણે ઝડપભેર કવિશાની નજીક પહોંચવા ડગ માંડ્યા. એટલામાં ઋષિએ જોયું કે સાપ અવળો ફરી કવિશા પર હુમલો કરવા ધસી રહ્યો હતો. કવિશાના હાથમાં સાપની પૂંછડી હતી. તેને તો સાપની બીક નહોતી, તે હસી રહી હતી, પરંતુ સાપ છંછેડાયેલો હતો. અલબત્ત, ઋષિએ સમયસર કવિશા પાસે પહોંચી જઈ તેના હાથમાંથી સાપને છોડાવી કવિશાને દૂર ખેંચી લીધી.

સાપ પણ છૂટતાં જ ભાગ્યો ને છોડવાઓમાં ખોવાઈ ગયો. ભીખાદાદાને તો આ દૃશ્ય જોઈને પરસેવો છૂટી ગયો. પરંતુ તેમણે ઋષિને શાબાશી આપી. પોતાના જીવની પરવા કર્યા વિના તેણે હિંમત દાખવીને પોતાની બેનને સાપના મોમાંથી બચાવી લીધી હતી.

# ગરમીમાં પક્ષીઓ માટે જળવ્યવસ્થા





ગરમીની ઋતુમાં પક્ષીઓને પાણી સરળતાથી મળી રહે તે આશયથી હૅપ્પી યુથ ક્લબ પ્રેરિત હૅપ્પી સ્પૅરો વિક અંતર્ગત વૉર્ડ નં. ૭ના નગરસેવક રાકેશ પટેલ અને હિરલ જોષી દ્વારા પાણીનાં કૂંડાંની પોતાના મત વિસ્તારમાં ઠેર-ઠેર ગોઠવણી કરવામાં આવી હતી. સ્થાનિક સેવાભાવી નાગરિકો પણ આ ઉપક્રમમાં નગરસેવકો સાથે જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે આ કૂંડાં માટે નિયમિત પાણીની વ્યવસ્થા પણ સંસ્થા દ્વારા ગોઠવવામાં આવી છે.

# ખરેખર, મારું મોસાળ એટલે મારું મોસાળ

પૃથ્વી પરની સાડા સાત અબજની જનતાને પૂછવામાં આવે તો પ્રથમ નંબરે પોતાને વહાલું વતન અને બીજા નંબરે પોતાનું માયાળુ મોસાળ ગમે છે તેવો પ્રત્યુત્તર મળશે.

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાનું 'ચામુ જુના' ગામ એ મારું મોસાળ. આ ગામના લોકો પ્રેમાળ-માયાળુ, સહૃદયી, પરોપકારી, શિક્ષિત, નોકરીયાત તેમજ મોટા જમીનદારો અને સુખી સંપન્ન હોવા છતાં નિરાભિમાની છે. એટલે જ તેમની માયા-મમતાની ખુશ્બુ આજુબાજુ ચારેય પંથકોમાં ફેલાયેલી છે. મોટા મામા ગોવિંદભાઈ તથા જેઠાભાઈ મનાભાઈ તો સ્વર્ગસ્થ છે. પરંતુ જેઠામામાનાં સંતાનો બાબુભાઈ, ચંદુભાઈ તથા નારાયણભાઈ અને ગોવિંદમામાના નાનજીભાઈ, કાંતિભાઈ તથા જયંતિભાઈ મામાઓના સંસ્કારો દિપાવી રહ્યા છે. મારા વતન ભિલોડામાં સ્વ. લાડુબેન ભરજુવાનીમાં વિધવા થતાં મોટાંબેન શાંતાબેન તથા મારી મોટી જવાબદારી બંને મામાને શિરે આવી પડેલી. જે તેઓએ સારી રીતે નિભાવેલી. લોકો કહેતાં કે મારો જન્મ માતાપિતા રામાભાઈના મૃત્યુના બારમા પછી થયેલો. સ્વ. વિધવા માતાએ અમો બહેન-ભાઈને મજૂરી કરી ઉછેરેલાં તેમાં મામાઓનો સપોર્ટ પણ રહેતો. મહિનામાં એકાદ વાર અઠવાડિયા-દસ દિવસ માટે અમારા વતનમાં આવી સહાયરૂપ બનતા. મારા મોસાળ અમે બધા જતા તો ગામમાં પણ મામા-મામીઓ, માસીઓ-ભાઈઓ, બહેનોની હૂંફ મળતી. દિવાળી તેમજ ઉનાળુ વૅકેશન તો મામાઓને ત્યાં જ ગાળતા.

હાલમાં પણ અમે મોસાળ જઈએ તો બાબુભાઈ, માના મામા હરિમામા, મુંજાભાઈ માસ્તર તેમજ લલ્લુમામા અને અન્ય સ્વ. જેઠામામા તથા સ્વ. ગોવિંદમામાના ખાલીપણાનો અહેસાસ થવા દેતા નથી અને એ જ ઉમળકાથી આવકારી અમારા ખબર અંતર પૂછે છે. પૃથ્વી પર જો મોસાળ ભગવાન પાસે માગો તો ચામુ જુના માંગજો. શત શત પ્રણામ મારા મોસાળના નગરજનોની સંસ્કારિતાને.

**- ખેમાભાઈ રામાભાઈ પરમાર**
**સ્વાગત રેઇન ફોરેસ્ટ - ૪**

**સંવેદના**
**મારું માયાળુ મોસાળ**

મહેસાણા જિલ્લાના કડી તાલુકાનું રંગપુરડા ગામ એ મારું માયાળુ મોસાળ છે.

આજે હું ૬૦ વર્ષનો થયો. આજથી ૫૦ વર્ષ પહેલાં મારી ઉંમર ૧૦ વર્ષની હતી, ત્યારે મારાં માતુશ્રી ગંગાબા દર ત્રણ-ચાર મહિના થાય એટલે તેમના પિયર એટલે કે મારા મોસાળમાં લઈ જતાં. મારા ગામ મોકાસણથી રંગપુરડા ૧૫ કિમી પદયાત્રા કરીને જવાનું અને આવવાનું તેમ છતાં હું માતુશ્રીની સાથે દોડતો, મોસાળ જવા તૈયાર થતો. કારણ શાળામુક્તિ. ટેન્શન મુક્ત, દબાણ મુક્ત, ભયમુક્ત વાતાવરણમાંથી છૂટ્ટી. અને મોસાળના સ્નેહસભર, પ્રેમસભર, આનંદમય સ્વતંત્ર વાતાવરણમાં જવાનો અનહદ આનંદ હોય.

મોસાળની સીમ આવે એટલે વાતાવરણ, મનની ઊર્મિઓ, હૃદયની લાગણીઓ, હાવભાવ બદલાઈ જાય. હરિયાળાં ખેતરોમાં કામ કરતાં મોસાળિયાનો મીઠો આવકાર શરૂ થઈ જતો. કોઈ કહેતું આવો ગંગાફોઈ... કોઈ કહેતું આવો ગંગાબેન,કોઈ કહે આવો ભાણા ભાઈ, મોસાળના ગોંદરે પહોંચીએ ત્યારે પણ આવો જ મીઠો સ્નેહસભર આવકાર આજેય યાદ આવે છે. મામા-મામીનું ઘર આંગણું આવે એટલે અને ઘર પ્રવેશ થાય ત્યારે મામી ગોળનું ઠંડું પાણી પીવડાવે અને ખીચડો, ઘીથી લચપચતી લાપશી, બટાટાંનું શાક અને દૂધ જેવી છાશ પીવડાવી-ખવડાવી આરામ કરાવતા. બે દિવસ પછી જવાનું કહીએ ત્યારે આજનો દિવસ રહી જાઓ એવો આગ્રહ થાય ને રહી પણ જઈએ. પછી તો ઉનાળુ વૅકેશન પડે એટલે બીજા જ દિવસે હું એકલો જ મોસાળમાં પહોંચી જતો. વૅકેશનમાં પંદર દિવસ રહેવાનું, મોસાળમાં ઘરના બધા જ સભ્યો કહેતાં કે ભાણાભાઈ ટેટી ખાઓ, કાકડી ખાઓ, કેરી ખાઓ...

મારા કચરામામા અને રઈમામીને પાંચ દીકરા, એક દીકરી. છગનભાઈ, માણેકભાઈ, હરજીભાઈ, પ્રહલાદભાઈ, જયંતીભાઈ અને જોઈતીબેન. બધાં જ સ્નેહાળ અને પ્રેમાળ. તેમનો સ્નેહ અને પ્રેમ આજેય યાદ આવે છે. મારા સમાજમાં સત્તવીસ ગામ એટલે સત્તાવીસ સમાજ ગણાય. આખા સમાજનાં ગામોમાં ફરું છું ત્યારે લુખો આવકાર, લુખો સ્નેહ લાગે પણ એક માત્ર મારા મોસાળના ગામમાં જાઉં તો તન, મન, હૃદય નાચી ઊઠે, ખીલી ઊઠે છે. કારણ સાચો પ્રેમ, સાચો સ્નેહ, ખરેખરો આવકાર મારા મોસાળમાં જ જોયો અને માણ્યો છે. ખરેખર, મારું મોસાળ એટલે મારું મોસાળ.

**- પ્રા. રમેશભાઈ મ પટેલ**
**ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા**

આવે ઘડી ઘડી મને યાદ
મારું માયાળુ મોસાળ
મોસાળમાં બહુ માનપાન
લડે વઢે ના કોઈ
કોઈને વઢવા પણ ન દેતા
નાના-નાની કેરી મમતા...
કદિ રિસાઈ જઈએ અમે
તો મનાવવાને નાના આવે
કેવા હસતા-રમતા બાળ
પાછા હળી મળી જતા તત્કાળ...
નાની ઈન્દુબા તો વાર્તા કહેતા
નટવર નાના જે જોઈએ તે દેતા
અમને રડવા ના દે જરાય
નાના કરતાં એવા લાડ...
માસી-માસીના સૌ બાળક
સમવયસ્ક હતા અમે તો
પણ સૌને સરખું કરતાં વહાલ
સૌનો સરખો પ્રેમ પ્રવાહ...
શું ખાવું છે ! ક્યાં ફરવું છે !
પૂછતાં અમને સદા હરખાય
હતા એ કેવા દિલ-દરિયાવ
હૈયે હેત ઘણું ઊભરાય...
મામા-માસી ને નાના કહેતા
ભાણેજને સંભાળજો, જોજો
દિલ ના દુભાય જરાય
એ છે આ મોસાળના મહેમાન...

**- કોકિલા જયપ્રકાશ ભટ્ટ**
**સેક્ટર-૮ બી**

# જે એમ વિદ્યામંદિર દ્વારા વિવિધ દિવસોની ઉજવણી

## ચકલી દિન, જળ દિન, શહીદ દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

શ્રી જે એમ વિદ્યામંદિર, રાંધેજા ખાતે ચકલી દિવસ નિમિત્તે દિન પ્રતિદિન ઘટતી જતી ચકલીઓની પ્રજાતિ પર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

જળદિન નિમિત્તે પાણી બચાવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં પાણીના જીવનમાં મહત્ત્વ વિશે આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. શહીદ દિન નિમિત્તે ભારતની આઝઆદી માટે પોતાના જીવનનું બલિદાન આપનારા અનેક શહીદોને યાદ કરવામાં આવ્યા હતા. જેમાં લાલા લજપતરાય, ચંદ્રશેખર, વીર ભગતસિંહ વિશેની માહિતી શિક્ષક બી બી પટેલ, એન એમ સોલંકી તથા આચાર્ય દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમના અંત ભાગમાં શહીદો માટે બે મિનીટનું મૌન પણ પાળવામાં આવ્યું હતું.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**